ગાંધીનગર સમાચાર

તા. ૩૧-૮-૨૦૧૩, શનિવાર

## તંત્રી સ્થાનેથી.....

### ગાંધીનગર અકસ્માતનગર બની રહ્યું છે

સાઠ લાખથી વધુ વસતિ ધરાવતા મહાનગર અમદાવાદમાં માર્ગ અકસ્માત તો થતા હશે પરંતુ એ ભાગ્યે જ જીવલેણ નીવડે છે. એનું કારણ ત્યાંના ભારે ટ્રાફિક છતાં પ્રમાણમાં સુચારુ ટ્રાફિક નિયમન અને વાહન ચાલકોનો ગતિ-વિવેક છે. ગાંધીનગરમાં પાટનગર હોવા છતાં આવું ટ્રાફિક નિયમન હજી અમલી નથી બની શક્યું અને ‘ગતિવિવેક’ જેવી કોઈ ચીજ પણ હોઈ શકે એનો તો અહીંના વાહન ચાલકોને ખ્યાલ જ નથી. આમ જુઓ તો ગાંધીનગર પ્રમાણમાં ઘણી ઓછી વસતિ ધરાવતું શહેર છે. વળી એ લાંબા પહોળા પટમાં પથરાયેલ હોઈ અહીં અકસ્માત થવા જ ન જોઈએ. પરંતુ આ રાજધાનીના રાજમાર્ગો જ એના દુશ્મન બની રહ્યા છે. પહોળા ચાર માર્ગી રસ્તાઓ પર વાહનો બેફામ ઝડપે દોડતાં રહે છે. રસ્તા પ્રમાણમાં સારા હોવાથી વાહન ચાલકો ‘ફોર્મ’માં આવી જઈ નિર્ધારિત ગતિ મર્યાદાનો ખ્યાલ ચૂકી જાય છે અને રાષ્ટ્રીય ‘એક્સપ્રેસ’ માર્ગ પર ચલાવતા હોય એમ પૂરઝડપે વાહનો હંકારતા રહે છે. આથી આટલાં બધાં સર્કલ હોવા છતાં રાજધાનીમાં આંતરે દિવસે વાહન અકસ્માત સરજાતા રહે છે જે પૈકી ઘણા બધા ‘ફેટલ’ નીવડે છે. પાટનગર ગાંધીનગરમાં વાહન ચાલકો સૌથી વધુ વાહનવ્યવહારનો નિયમભંગ કરે છે. હેલ્મેટ કે બેલ્ટ કેટલા પહેરે છે, એનું સર્વેક્ષણ થાય તો સાચા આંકડાની જાણ થાય! અકસ્માત થવાનું મહત્ત્વનું કારણ ચાલુ વાહને મોબાઈલ પર બેરોકટોક થતી વાતચીત પણ ખરું! ગાંધીનગર સેક્ટર-૨૮ અને સેક્ટર-૨૧ના શોપિંગ જેવા વિસ્તારો પણ આવા અકસ્માતોથી મુક્ત નથી રહી શક્યા તે ચિંતાનો વિષય લેખાવો જોઈએ. તમે પગદંડી તરીકે બંધાવાયેલ ફૂટપાથ પર ચાલતા હો તો પણ ક્યારે સામેથી કે પાછળથી બેફામ ઝડપે કોઈ બાઈક આવી પડશે તેનો અંદાજ લગાવવો મુશ્કેલ બની ગયો છે. પોલીસ આવા બાઈકર્સને પકડીને તત્કાળ દંડ વસૂલ કરવો જોઈએ એને બદલે આવી બાબતોમાં સંપૂર્ણપણે આંખ આડા કાન જેવો અભિગમ પ્રવર્તી રહ્યો છે. સચિવાલયના બેઉ સમય ખૂબ સાચવી લેવા જેવા હોય છે. એ વખતે ‘ચ’ રોડ અને ‘ઘ’ રોડ જેવા ગાંધીનગરના મુખ્ય માર્ગો પર વાહનોની ભીડ જામે છે. નવા ગાંધીનગર વિસ્તારોમાં તો માર્ગ અકસ્માતો જાણે રોજિંદા ઘટના બની ગયેલ છે. મહામૂલી માનવજિંદગીઓ આવા માર્ગ અકસ્માતોને કારણે વેડફાતી રહે છે એમાં ક્યારેક રખડતાં ઢોર અને વિશેષ તો સાબરમતીનાં કોતરોને કારણે રસ્તા વચ્ચે ધસી આવતાં નીલ ગાયનાં ટોળાં જવાબદાર હોય છે. વિશ્વમાં મૃત્યુનાં ચાર મહત્ત્વનાં કારણોમાં માર્ગ અકસ્માતથી થતો મરણાંક ઘણો ઊંચો રહે છે. વિકાસની સાથે જ માનવી મોત પણ નોતરતો રહે છે, એ શું વિડંબના નથી?

# બાલ પ્રતિભાને ઉજાગર કરવા વિશિષ્ટ કાર્યક્રમોનું આયોજન

## બા. શ્રી વી.એન. સોલંકી બાલભવન ગાંધીનગરનું પ્રતિભાશાળી બાળકોને આમંત્રણ

ગાંધીનગર, તા. ૩૦

બાલભવન સોસાયટી ઓફ ગાંધીનગર સંચાલિત બા શ્રી વી.એન. સોલંકી બાલભવન ગાંધીનગર તરફથી ૯ થી ૧૬ વર્ષ સુધીના બાળકો માટે તા. ૧૦અને ૧૧ સપ્ટેમ્બર-૨૦૧૩ દરમિયાન સ્થાનીય પસંદગી કાર્યક્રમ યોજાશે. સર્જનાત્મક શક્તિ ધરાવતા અને કલામાં કાબેલીયત ધરાવતા પ્રતિભાશાળી બાળકોએ ૬ સપ્ટેમ્બર સુધીમાં પોતાની વિગત બાલભવન મોકલવા જણાવાયું છે.

ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય, રાષ્ટ્રિય બાલભવન નવી દિલ્હી પ્રેરિત ૯ થી ૧૬ વર્ષ સુધીના બાળકો માટે બાલભવન સોસાયટી ઓફ ગાંધીનગર સંચાલિત બા શ્રી વી.એન. સોલંકી (મોગર) બાલભવન ગાંધીનગર તરફથી ૧૦ તથા ૧૧ સપ્ટેમ્બર-૨૦૧૩ દરમ્યાન સ્થાનિય પસંદગી કાર્યક્રમ યોજવામાં આવેલ છે. ૯ થી ૧૬ વર્ષના ગાંધીનગર અને તેની આજુબાજુના ગામોના સર્જનાત્મક શક્તિઓ ધરાવતા, પોતાની કલામાં કાબેલીયત ધરાવતા તેજસ્વી બાળકો પોતાની કલા શક્તિઓને રાષ્ટ્રિય સ્તરે રજુ કરી શકે તેવા બાળકો તા. ૬ સપ્ટેમ્બર-૨૦૧૩ સુધીમાં શાળા/સંસ્થાના લેટરહેડ પર અંગ્રેજીમાં સ્વચ્છ અક્ષરે જન્મના પ્રમાણિત કરેલ દાખલા સાથે અત્રેના બાલભવનમાં રજીસ્ટ્રેશન કરાવે. બાલશ્રી એવોર્ડ પસંદગી સ્પર્ધામાં જે બાળકો કથ્થક નૃત્ય, ભરતનાટ્યમ્, નાટ્ય, શાસ્ત્રીયગાયન, વાદનના બાળકો કથ્થક નૃત્ય, ભરત નાટ્યમ, નાટ્ય, શાસ્ત્રીયગાયન, વાદનના બાળકો સર્જનાત્મક કલાપ્રદર્શન, કલામાં નિપૂણ હોય તેવા અને પેઈન્ટીંગ પેન્સીલ સ્કેચ, માટીકામ, ડ્રાફ્ટ વગેરના નિષ્ણાત બાળકો માટે સર્જનાત્મક કલા, જે બાળકો નિબંધ લેખન, કાર્યલેખન, વાર્તાલેખન, પાદપૂર્તિ વિગેરે સાહિત્યમાં રસ ધરાવે છે. તેઓ સર્જનાત્મક લેખન સ્પર્ધા અને જે બાળકો વૈજ્ઞાનિક સાધનો બનાવવા, તેમજ વિજ્ઞાનના સર્જનાત્મક નમુના બનાવવા વિજ્ઞાનક્ષેત્રે નવીન કાર્ય કરવાની ધગશ વાળા માટે સર્જનાત્મક વૈજ્ઞાનિક નવીનીકરણ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. સૌપ્રથમ સ્થાનિક કક્ષાએ પસંદગી થયા બાદ ક્ષેત્રિય કક્ષાએ પસંદગી થશે. જેમાં પસંદગી પામ્યા બાદ રાષ્ટ્રિય કક્ષાએ પસંદગી પામતા વિજેતા બાળકોને રાષ્ટ્રપતિશ્રીના હસ્તે એવોર્ડ આપી સન્માનીત કરવામાં આવશે. સ્કોલરશીપ પણ આપવામાં આવશે.

પસંદગી પામેલ બાળકોને ક્ષેત્રિય અને રાષ્ટ્રીયકક્ષાએ જવા-આવવા, રહેવા જમવાનો ખર્ચ બાલભવન તરફથી આપવામાં આવશે વધુ માહિતી માટે સંસ્થાની ઓફિસ ખાતે સહ સંજોયકશ્રી, બાશ્રી વી.એન. સોલંકી (મોગર) બાલભવન, દત્તમંદિર પાછળ, સેક્ટર-૨૮, ગાંધીનગર ફોન નં. (૦૭૯) ૨૩૨-૧૦૪૭૭, મો. નં. ૯૯૭૯૧૪૯૮૫૪ નો સંપર્ક કરવા જણાવેલ છે.





સ્પર્ધા સામાજિક જીવનની હોય કે પછી ખેલ જગતની, દરેકમાં સંયમ, ઉત્સાહ, ચપળતા અને નિડરતા જોઈએ જ ! આવો જ ચપળતા, ઉત્સાહ અને નિડરતા અખિલ ભારતીય ડાક વોલિબોલ પ્રતિયોગિતામાં દરેક સ્પર્ધકોમાં જોવા મળી. ગાંધીનગરના સેક્ટર-૧૫ સ્થિત વોલિબોલ ખેલ મેદાનમાં સ્પર્ધકોએ ઉત્સાહપૂર્વક ૨૮મી અખિલ ભારતીય ડાક વોલિબોલ સ્પર્ધામાં પોતાની ટીમનું કૌવત દર્શાવી વિજેતા ક્રમ હાંસલ કર્યો હતો. (તસવીર : દિપક જાની)

# જ્યોતિ મહિલા મંડળ દ્વારા ભજન અને રંગોળી સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા. ૩૦

સાર્વજનિક ગણેશ મહોત્સવ સમિતિ અને જ્યોતિ મહિલા મંડળના સહયોગથી ૧૨મી સપ્ટેમ્બર-૨૦૧૩ના રોજ ભજન સ્પર્ધા અને થાળીમાં ધાનની રંગોળી સ્પર્ધા યોજાશે. ભાગ લેવા ઈચ્છતી બહેનોએ જ્યોતિ મહિલા મંડળનો સંપર્ક કરવો.

ગણેશોત્સવની ઉજવણી દર વર્ષે ધામધૂમપૂર્વક યોજાય છે. ઉજવણીના ભાગ રૂપે ભજન સ્પર્ધા અને રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. ૧૨મી સપ્ટેમ્બરે બપોરે ૨ કલાકે સેક્ટર-૨૨ના રંગમંચ ખાતે સમગ્ર સ્પર્ધા યોજાશે. સ્પર્ધામાં વિજેતા બહેનોને ઘડિયાળ, મોતીના સેટ અને અન્ય રોકડ પુરસ્કાર આપવામાં આવશે. સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતી બહેનોએ પોતાના નામનું રજીસ્ટ્રેશન લતાબેન ચોકસી ફોન નં. ૨૩૨-૨૦૧૬૦ અથવા નીરૂબેન નાયક ફોન નં. - ૨૩૨-૨૬૫૪૬ અથવા નમ્રતાબેન મો. નં. ૯૮૭૯૫ ૨૮૭૨૨ અથવા ચેતનાબેન બૂચ ફોન નં. ૨૩૨-૬૦૩૭૦ અથવા કોકિલાબેન નાયકનો ફોન નં. ૨૩૨-૨૮૧૧૩ ઉપર કરવા જણાવ્યુ છે.



(તસવીર : દિપક જાની)



વોલિબોલ સ્પર્ધાના ઈનામ વિતરણ પ્રસંગે પ્રાર્થના, ગીત અને ગરબા સાથે બહેનોએ સુંદર વસ્ત્ર પરિધાન કરી સાંસ્કૃતિક વારસાની ધરોહરરૂપે કાર્યક્રમો રજૂ કરી સૌના મન જીતી લીધા હતા. ગુજરાત સર્કિલ ડાક ખેલકૂદ બોર્ડ દ્વારા ૨૮મી અખિલ ભારતીય ડાક વોલિબોલ સ્પર્ધામાં આમંત્રિત મહેમાનો અને ખેલાડી સ્પર્ધકો તથા કર્મચારીગણ દ્વારા રજૂ થયેલા આ સાંસ્કૃતિક કાર્યક્રમને મન ભરીને માણ્યો હતો.

# મેડીકલ કોલેજોની મંજુરી માટે ૩૦ સપ્ટે. સુધી અરજી કરાશે

અમદાવાદ, તા.૩૦

શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫ માટે નવી મેડીકલ કોલેજની મંજુરી અને કાર્યરત મેડીકલ કોલેજોમાં બેઠકો વધારવા માટે સંબંધિત કોલેજો અને ટ્રસ્ટો મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયામાં દરખાસ્ત કરી શકશે. આ માટે ૩૦ સપ્ટેમ્પર સુધી સમય મર્યાદા નિર્ધારીત કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે અત્યારે ગુજરાતમાં ૧૮ મેડીકલ કોલેજો કાર્યરત છે.

મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયા દ્વારા મેડીકલ કોલેજોની મંજુરી માટે વર્ષ ૨૦૧૦માં જાહેર કરાયેલા જાહેરનામામાં સુધારો કરવામાં આવ્યો છે જે મુજબ શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫ માટે નવી મેડીકલ કોલેજની મંજુરી અને કાર્યરત મેડીકલ કોલેજોમાં એમબીબીએસની બેઠકો વધારવા માટે કોઈપણ ટ્રસ્ટ, યુનિવર્સિટીઓ, રાજ્ય સરકાર, કંપનીઓએ મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાને દરખાસ્ત કરવાની રહેશે. જેના ભાગરૂપે શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫થી મેડીકલ કોલેજની મંજુરી અને કાર્યરત મેડીકલ કોલેજોમાં બેઠકો વધારવા માટેની દરખાસ્તો સ્વીકારવાની શરૂઆત કરી દેવામાં આવી છે. મેડીકલ કોલેજ માટે તમામ દસ્તાવેજો સાથે મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાના ચેરમેનને તારીખ ૩૦ સપ્ટેમ્બર સુધી અરજી કરવાની રહેશે. ઉલ્લેખનીય છે કે સંબંધીઓએ મેડીકલ કાઉન્સીલમાં રૂબરૂ થઈ અરજી કરવાની રહે છે. ફેક્સ અથવા ઈ-મેલ દ્વારા કરવામાં આવેલ અરજીઓ ધ્યાનમાં લેવામાં આવશે નહીં. ગુજરાતમાં અત્યારે ૧૮ મેડીકલ કોલેજો કાર્યરત છે જેમાં છ સરકારી મેડીકલ કોલેજો અને ૧૨ ખાનગી કોલેજોનો સમાવેશ થાય છે. નોંધનીય છે કે અત્યારે રાજ્યમાં મેડીકલ પેરામેડીકલ અને ડેન્ટલ સહિતની વિદ્યાશાખામાં પ્રથમ તબક્કાની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થઈ ચુકી છે. જો કે તેમ છતાં પાટણ મેડીકલ કોલેજને મંજુરી અને ગાંધીનગર મેડીકલ કોલેજમાં બેઠકો વધારવાની મંજુરી મળી નથી. તેવામાં આવતાં વર્ષથી આ કોલેજોને મંજુરી મળે તેવી આશા ગુજરાત સરકાર રાખી રહી છે. બીજી બાજુ હોમિયોપેથીક અને આયુર્વેદીક વિદ્યાશાખાની કોલેજોને પણ મંજુરી મળી નથી તેમને ટુંક સમયમાં મંજુરી મળે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે અને આ વિદ્યા શાખાઓની કોલેજોને મંજુરી મળ્યા બાદ કોલેજોમાં પ્રવેશની કાર્યવાહી હાથ ધરાશે.

# શિક્ષકોને માર્ગદર્શન પૂરૂ પાડવાના આજે કાર્યક્રમો

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આવતીકાલે સવારે ૯ થી ૧૧ કલાકે શિક્ષકોના માર્ગદર્શક કાર્યક્રમ યોજાશે. શાળાકીય સર્વગ્રાહી મુલ્યાકંનના માસિક માર્ગદર્શન હેઠળ યોજનારના કાર્યક્રમમાં શિક્ષકોને મુલ્યો ઉપર માર્ગદર્શન આપવામાં આવશે. વિવિધ જિલ્લાઓનાં શિક્ષણો તરફથી પુછવામાં આવેલા પ્રશ્નોના જવાબ આપવામાં આવશે. આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ આવતીકાલે સવારે ૯ થી ૧૧ કલાક દરમિયાન બોર્ડની વેબ ચેનલ ઉપર પ્રસારીત થશે. જેથી શિક્ષણ બોર્ડ દ્વારા રાજ્યની તમામ શાળાઓને પોતાની શાળામાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ આ કાર્યક્રમ નિહાળી શકે તેવી વ્યવસ્થા કરી લેવા સૂચના આપવામાં આવી છે. શિક્ષણ બોર્ડ દ્વારા અત્યારે શાળાકીય સર્વગ્રાહી શિક્ષણનું સ્તર સુધારવા માટે દર મહીને વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

# ગાંધી જીવન દર્શન અંગે વાર્તાલાપ યોજાશે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેરની પ્રેરણા વિદ્યાલય અને સરસ્વતી વિદ્યાલયમાં ધોરણ-૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે ગાંધી મિત્ર વર્તુળના ઉપક્રમે ગાંધી જીવન દર્શન અંગેનો વાર્તાલાપ યોજાશે.

સરસ્વતી વિદ્યાલય સેક્ટર-૪માં તા. ૨ સપ્ટેમ્બર-૨૦૧૩ને સોમવારે સવારે ૯.૩૦ કલાકે ધોરણ-૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ સમક્ષ ગાંધી જીવન દર્શન અંગે સાહિત્યકાર ભાનુપ્રસાદ પુરાણીનો વાર્તાલાપ યોજાશે. તા. ૩ સપ્ટેમ્બરે સવારે ૯ કલાકે સેક્ટર-૫માં આવેલી પ્રેરણા વિદ્યાલયમાં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિકના વિદ્યાર્થીઓ સમક્ષ ગાંધી જીવન દર્શન અંગે વાર્તાલાપ યોજાશે. આ પ્રસંગે ‘મારી જીવન કથા પુસ્તિકા ભેટ અપાશે.







મહિલા સિવણ વર્ગ ખાતે સિવણ, ભરતકામમાં સારો દેખાવ કરનાર વિદ્યાર્થિનીઓને સન્માનવાનો કાર્યક્રમ યોજાઈ ગયો. (તસવીર : કશ્યપ નિમાવત)

# ગુજરાત યુનિવર્સિટીને પ્રથમ હિન્દી પીએચ.ડી. વિદ્યાર્થી આપવાનું ગૌરવ પણ તેમને ફાળે જ જાય છે, ભુજમાં રહીને કચ્છ પ્રત્યેનો લગાવ અવિસ્મરણીય છે

**પ્રાસંગિક**

**ડો. ભાલચંદ્ર હર્ષદરાય હાથી**

૧ જુલાઇ, ૧૯૨૭માં જન્મેલા ડો. ગોવર્ધન શર્મા આજે ૮૭ વર્ષની ઉંમરે અનેક માંદગી સામે લડત આપતા અડીખમ ઊભા છે. તેમનો જન્મ રાજસ્થાનના નાના ગામડામાં થયો અને નાનપણમાં જ પિતાજીનું દેહાવસાન થતાં તેમને ભણતર સાથે નોકરી કરવાની જરૂર ઊભી થઇ અને નોકરી સાથે જ અભ્યાસ ચાલુ રહ્યો. જોધપુરમાં શિક્ષણ લીધું અને ‘સાહિત્ય મહોપાધ્યાય’ ની માનદ ડિગ્રી હિન્દી સાહિત્ય સંમેલન દ્વારા મેળવી. અભ્યાસની સાથે સાહિત્ય, ટ્રેડ યુનિયન અને સ્કાઉટીંગમાં પણ તેઓ ઘણાં જ અગ્રેસર હતા. અભ્યાસમાં તેઓ પ્રથમથી આગલી હરોળમાં હતા. વિદ્યાર્થી યુનિયનમાં સક્રીય અને સામાજિક સેવામાં રહીને રાજસ્થાન યુનિવર્સિટીમાં પ્રથમ આવીને હિન્દી સાથે એમ.એ. થયા, જે માટે તેઓને સુવર્ણચંદ્રક પ્રદાન થયો. વિવિધ ક્ષેત્રોમાં જેવા કે આકાશવાણી, આયુર્વેદ વિભાગ, હાઇસ્કૂલ અને સરકારી મુદ્રણાલયમાં સેવાઓ આપી. જોધપુરમાં અનેક પત્રપત્રિકાઓમાં કામ કર્યું, આઝાદીની લડત દરમિયાન ‘વાનરસેના’માં સક્રિય રહ્યા. ત્યારબાદ સને ૧૯૫૬માં ડી.કે.વી. કોલેજ, જામનગરમાં હિન્દીના પ્રાધ્યાપક તરીકે કામ કર્યું અને ૧૯૮૫માં નિવૃત્ત થઇ બે વર્ષ માટે ભુજ કચ્છની આર.આર. લાલન કોલેજમાં પ્રિન્સિપાલ તરીકે યશસ્વી કાર્ય કર્યું.

૧૯૬૩માં ‘પ્રકૃતિ એવમ અપભ્રંશ-ઉસકા ડિંગલ ‘સાહિત્ય પર પ્રભાવ’ વિષય પર મહાનિબંધ આપી પીએચ.ડી.ની ડીગ્રી મેળવી. તેમના સાહિત્યના કાર્યો માટે ૧૯૯૦ ‘સાહિત્ય મહોપાધ્યાય’, ૧૯૯૭માં ‘સાહિત્ય વાચસ્પતિ’ની માનદ પદવી એનાયત કરવામાં આવી. સને ૨૦૦૦માં નવી દિલ્હીમાં ‘રાષ્ટ્રીય હિન્દી સેવી સહસ્રાબ્દી સન્માન’ પણ પ્રાપ્ત કર્યું.

ભુજના વસવાટ દરમિયાનની પ્રવૃત્તિ પણ બહુ જ યશસ્વી રહી. શ્રી આર.આર. લાલન કોલેજમાં પ્રિન્સિપાલ રહી નવી હવાની લહેરો વહેતી કરી અને વિવિધ પુરસ્કારો તેમજ અન્ય નાના-મોટા અનેક પુરસ્કારો પણ મેળવ્યા. અમેરિકાની બાયોગ્રાફિકલ ઇન્સ્ટિટયુટ તરફથી ‘ડિસ્ટીંગ્વીસ્ડ લીડરશીપ એવોર્ડ’ અર્પણ કરવામાં આવ્યો. તે સિવાય પણ તેમની ઘણી રચનાઓ ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને ગુજરાત સાહિત્ય અકાદમીએ પણ સ્વીકારી છે. ૧૯૯૯માં ગુજરાત સાહિત્ય અકાદમીએ તેઓને “સારસ્વત પુરસ્કાર” અર્પણ કરી સન્માનિત કર્યા છે. આ બધા ઉપાર્જન સાથે તેઓ ઉત્તમ શિક્ષક પણ છે. કેમ કે પૂર્વ પ્રાથમિકથી પીએચ.ડી.ના ગાઇડ સુધીનો તેમનો સઘન અનુભવ બોલે છે. આજે પણ લેખન અને શિક્ષણને તેઓ સંપૂર્ણ વરેલા છે. તે ઉપરાંત અમદાવાદમાં અખિલ ભારતીય કક્ષાના કવિ સંમેલનો, વૃંદાવનની રાસલીલા, રામચરિત માનસની પ્રસ્તુતિમાં શર્માજીએ સાહસપૂર્ણ પ્રવૃત્તિ કરી. આમ તેઓ બાલ મંદિરથી પીએચ.ડી. સુધી સંપાદન, સંકલન, સંશોધન, લેખન, કાવ્ય, નાટક અને વહીવટમાં પણ જુદા જુદા ક્ષેત્રોમાં સક્રિય રહીને પોતાના બહુઆયામી વ્યક્તિત્વની ઓળખ આપી.

પોતાના લક્ષ્યબિંદુ સુધી પહોંચવા માટે સતત અભ્યાસ જરૂરી હતો અને તે માટે ‘અર્થોપાર્જન-’ ઘૃત, તૈલ, લવણ, વસ્ત્રેન્ધન ચિન્તયા સતતમ્’ પણ સાથે જ હતી, તેથી અભ્યાસની સાથે વ્યવસાય પણ કરવો પડતો અને નોકરી માટે સાયકલ પર જતાં, બહુ જ સંઘર્ષવાળુ જીવન પણ સુંદર રીતે વિતાવ્યું.

ગુજરાત યુનિવર્સિટીને પ્રથમ હિન્દી પીએચ.ડી. વિદ્યાર્થી આપવાનું ગૌરવ પણ તેમને ફાળે જ જાય છે. ભુજમાં રહીને કચ્છ પ્રત્યેનો લગાવ અવિસ્મરણીય છે. ગાંધીનગરની સરકારી આર્ટ કોલેજના હિન્દી વિષયના પ્રોફેસર અને ભુજના જ સ્વ. ભાવનાબેન મહેતા સાથે વિવિધ વિષયના બહુઆયામી પુસ્તકો તેઓએ આપ્યા છે અને કચ્છ પ્રત્યેનું ઋણ અદા કર્યુ છે.

તેઓએ કચ્છને જ અનુલક્ષીને સ્વ. ડો. ભાવનાબેન મહેતા સાથે નીચે મુજબના પુસ્તકો આપ્યાં. કચ્છ લોક અને સંસ્કૃતિ (વૈવિધ્યસભર નિબંધો), કચ્છના જયોતિર્ધરો (જીવનચરિત્ર સંગ્રહ) ૧૯૮૭, કચ્છ લોકસાહિત્ય (સંશોધન સમિક્ષા), ૧૯૮૮, કચ્છી સંબંધી પ્રકાશન સૂચી - સારસ્વતો) ૧૯૯૨, આપણા સાંસ્કૃતિક ઉપાખ્યાન (વાર્તાઓ), ૧૯૯૩, કચ્છની અસ્મિતાનો ગાયક દુલેરાય કારાણી (જીવન અને કર્તુત્વ), ૧૯૯૭, સંસ્કૃતિ સેતુ કચ્છ (શોધ પ્રેરક નિબંધ), ૧૯૯૮, આશાપુરા ધૂપ (લલિત નિબંધ), ૧૯૯૮, કચ્છી ભાષા (લિંગ્વિસ્ટક સર્વે ઓફ ઇન્ડિયાનો અનુવાદ), ૨૦૦૨, કચ્છ મંજૂષા (સંશોધન અને સમિક્ષાત્મક - ઐતિહાસિક લલિત નિબંધ), ૨૦૦૬. તે ઉપરાંત હિન્દીમાં પણ ‘કચ્છ લોક એવં સંસ્કૃતિ’ ૧૯૯૮માં પ્રકાશિત થયા.

“ડો. ગોવર્ધન શર્મા - વ્યક્તિત્વ એવમ કૃતિત્વ” વિષય ઉપર ડો. હસુમતીબેન પટેલ દ્વારા ગુજરાત વિદ્યાપીઠમાંથી એમ.ફીલ પણ કરવામાં આવ્યું હતું અને તે નામથી શ્રીમતી હસુમતીબેન પટેલે પુસ્તક પણ પ્રકાશિત કર્યું છે. જે પુસ્તકો તેમણે પ્રકાશિત કર્યા છે તેમાં જે કાંઇ પણ રકમ થઇ તેને સ્વખર્ચે ઉલ્લાસપૂર્વક જોડી. કચ્છ વિષયક સાહિત્ય પુરસ્કારો નીચે પ્રમાણે છે.

(૧) “કચ્છના જયોતિર્ધરો” ગ્રંથાલય દ્વિતીય પુરસ્કાર

(૨) “કચ્છ લોક સાહિત્ય” સાહિત્ય અકાદમી પુરસ્કાર

(૩) રામસિંહજી રાઠોડ સુવર્ણચંદ્રક - ભુજ - ૨૦૦૨ (સમગ્ર સાહિત્ય પ્રદાન પર હતું)

(૪) દુલેરાય કારાણી એવોર્ડ-૧૯૯૫

(૫) કચ્છ શક્તિ એવોર્ડ મુંબઇ-૨૦૦૨

હાલ તેઓ ગાંધીનગર ખાતે નિવાસ કરે છે. ઉંમરને હિસાબે થતી માંદગી વચ્ચે પણ સાહિત્યની સેવા કરે છે.

ફોન. નં. (૦૭૯) ૨૩૨૨૨૩૫૫, મો. ૯૪૨૭૬૦૫૨૦૪